ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૨/ ૧૩૪૦૯-૪૪

કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૦૫/૦૮/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
તમામ.

વિષય: બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારી/શિક્ષકના ફરજ અંગેના પ્રમાણપત્ર પર કાઉન્ટર સહી કરવા બાબત.

સંદર્ભ: ૧) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: ટીઆરએફ/૧૦૨૦૨૧/ ૪૩૬૭૪૭/ગ-૨ તા.૧૬/૧૦/૨૦૨૧નો પરિપત્ર
૨)શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક:બમશ/૧૧૨૦૨૨/EM.૨૪૫/ગ તા.૧૨/૦૭/૨૦૨૨નો પત્ર
૩) વિવિધ સંઘની રજુઆત

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યના વિવિધ સંઘ દ્વારા નીચે મુજબ રજુઆત કરેલ છે.

"સરકારે હાલ કર્મચારીઓની બદલી માટેના નવા નિયમો સાથેનો પરિપત્ર કરેલ છે. જેમાં અનુદાનિત શાળાઓ/સંસ્થાઓના પતિ-પત્ની દંપતિને પણ આ નિયમો હેઠળ બદલી પાત્ર ગણેલ છે. દંપતિમાંથી જે સરકારી નોકરી કરતા હોય એ પતિ/પત્નીને બદલીનો લાભ મળવાપાત્ર થાય છે. પરંતુ, દંપતિમાંથી પતિ/પત્ની જે અનુદાનિત શાળામાં નોકરી કરતા હોય એ બાબતના પત્રમાં "અનુદાનિત શાળામાં ફરજ બજાવે છે." એ પ્રમાણે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું પ્રમાણપત્ર/કાઉન્ટર સહીની જરૂર પડતી હોય સદર પત્ર/પ્રમાણપત્રમાં કાઉન્ટર સહી કરવા જિલ્લા શિક્ષણાધિકારીઓને સુચના આપવા વિનંતી કરેલ છે."

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: ટીઆરએફ/૧૦૨૦૨૧/ ૪૩૬૭૪૭/ગ-૨ તા.૧૬/૧૦/૨૦૨૧ના પરિપત્રના મુદ્દા નંબર-૨ મુજબ રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન, અનુદાનિત સંસ્થાઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓની નોકરી મોટેભાગે બિન-બદલીપાત્ર હોય છે. આવા સંજોગોમાં પતિ કે પત્ની, જો રાજ્ય કે પંચાયત સેવામાં ફરજ બજાવતા હોય તો તેમને બદલીથી અથવા સમકક્ષ જગ્યા ઉપર પ્રતિનિયુક્તિથી એક જ સ્થળે/નજીકના સ્થળે નિમણૂક આપવાની વિચારણા કરવાની રહેશે. આ પ્રકારે બદલી/પ્રતિનિયુક્તિથી નિમણૂક કરતા પહેલાં સક્ષમ સત્તાધિકારીએ જાહેર હિત, વહીવટી જરૂરિયાત અને કામગીરીને પ્રાધાન્ય આપવાનું રહેશે.

dsp amreli

સરકારી કર્મચારી કે જેમના પતિ/પત્ની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવે છે આવા સરકારી કર્મચારીઓને બદલીમાં અગ્રતાનો લાભ મળવા પાત્ર છે. જેથી, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારી/શિક્ષક કે જેઓના પતિ/પત્ની સરકારી નોકરીમાં હોય, તેવા બિનસરકારી અનુદાનિત શાળાના કર્મચારી/શિક્ષકના નિમણૂક સત્તાધિકારી શાળા મંડળ દ્વારા તેઓ જે-તે શાળામાં ફરજ બજાવે છે, તે અંગેના પ્રમાણપત્ર પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સહી કરવામાં આવે તો અપાયેલ પ્રમાણપત્રની યથાયોગ્યતા પુરવાર થઈ શકે આથી શાળા મંડળ દ્વારા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સેવા બજાવતા કર્મચારી/શિક્ષકને આપાયેલ સદર પ્રમાણપત્રની યોગ્ય ચકાસણી કર્યા બાદ કાઉન્ટર સહી કરી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.ગાંધીનગર